ખડગેના વિવાદાસ્પદ નિવેદન બાદ વડોદરાના 'કમલમ' ખાતેથી કોંગ્રેસની આકરી ઝાટકણી

ગાંધી-સરદારની ભૂમિનું અપમાન ગુજરાતીઓ ક્યારેય પણ સહન નહીં કરે : ભાજપ

(પ્રતિનિધિ) વડોદરા તા.8

કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે દ્વારા કેરળમાં ચૂંટણી પ્રચાર દરમિયાન ગુજરાતની પ્રજા અંગે કરવામાં આવેલા વિવાદાસ્પદ નિવેદન બાદ રાજ્યભરમાં રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. વડોદરા શહેર ભાજપ દ્વારા આ મુદ્દે આકરા પ્રહાર કરવામાં આવ્યા છે. શહેર ભાજપ પ્રમુખ ડો. જયપ્રકાશ સોનીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસે તેના શાસનકાળ દરમિયાન હંમેશા ગુજરાતની જનતા સાથે અન્યાય કર્યો છે અને હવે તેના રાષ્ટ્રીય અધ્યક્ષ ગુજરાતીઓનું અપમાન કરી રહ્યા છે.

વડોદરા ખાતે આવેલી ભાજપની 'કમલમ' કાર્યાલય પર આયોજિત એક પત્રકાર પરિષદમાં ડો. સોનીએ કોંગ્રેસ અધ્યક્ષના નિવેદનને વખોડી કાઢ્યું હતું. તેમણે જણાવ્યું કે, કેરળમાં ભાષણ આપતી વખતે ખડગેએ ત્યાંની પ્રજાના વખાણ કરવાના બહાને "ગુજરાતની પ્રજા અભણ છે" તેવું સૂચિત કરતું નિવેદન આપ્યું છે. આ નિવેદનના ઘેરા પ્રત્યાઘાતો સમગ્ર ગુજરાતમાં પડી રહ્યા છે.

આ પ્રસંગે માંજલપુર વિધાનસભાના ધારાસભ્ય યોગેશ પટેલ, અકોટાના ધારાસભ્ય ચૈતન્ય દેસાઈ તથા શહેર ભાજપના મહામંત્રીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ભાજપના નેતાઓએ એકસૂરે જણાવ્યું હતું કે, ગુજરાતની જનતા આવા અપમાનજનક નિવેદનોને ક્યારેય સહન કરશે નહીં અને આગામી સમયમાં લોકશાહીના માર્ગે ચૂંટણીમાં તેનો જડબાતોડ જવાબ આપશે. અંતમાં તેમણે ગુજરાતની પ્રજાને એકજૂટ રહેવાનો સંદેશ આપ્યો હતો.

શહેર ભાજપ પ્રમુખે વધુમાં ઉમેર્યું હતું કે ગુજરાતની ધરતીએ મહાત્મા ગાંધી અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ જેવા મહાન રાષ્ટ્રનાયકો આપ્યા છે, જેમણે આઝાદીની લડતમાં અમૂલ્ય યોગદાન આપ્યું છે. કોંગ્રેસે હંમેશા આ નેતાઓની અને ગુજરાતીઓની બુદ્ધિશક્તિની ઉપેક્ષા કરી છે.

કોંગ્રેસના શાસન દરમિયાન નર્મદા યોજના જેવી મહત્વપૂર્ણ યોજનાઓને મંજૂરી આપવામાં વિલંબ કરી ગુજરાતને અન્યાય કરવામાં આવ્યો હતો. આજે એ જ નર્મદા યોજના સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત માટે જીવાદોરી સાબિત થઈ રહી છે.

સયાજીગંજ વિસ્તારમાં ચૂંટણી પૂર્વે પોલીસનું સઘન ફૂટ પેટ્રોલિંગ

(પ્રતિનિધિ) વડોદરા તા.8

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને ધ્યાનમાં રાખીને વડોદરા શહેરના સયાજીગંજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસ તંત્ર દ્વારા સઘન બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. એ.સી.પી "એ ડિવિઝન"ના અધિકારીઓ સાથે મળીને વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું તેમજ વિવિધ મતદાન બૂથો જે વિસ્તારમાં આવતા હોય તે વિસ્તારની મુલાકાત લઈને સુરક્ષા વ્યવસ્થાનો તાગ મેળવાયો હતો.

આ કામગીરી અંગે એસીપી ડી.જે. ચાવડાએ જણાવ્યું હતું કે ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસની કુલ ત્રણ અલગ અલગ ટીમો બનાવવામાં આવી છે. પ્રથમ ટીમ દ્વારા સતત પેટ્રોલિંગ સાથે વાહન ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે, જેથી કોઈ પણ શંકાસ્પદ પ્રવૃત્તિઓને સમયસર અટકાવી શકાય. બીજી ટીમ દ્વારા શહેરના મહત્વના સ્થળો જેમ કે એસ.ટી. ડેપો અને રેલવે સ્ટેશન પર ખાસ નજર રાખવામાં આવી રહી છે.

દાવેદારી સમયે 'શક્તિ પ્રદર્શન' કરનારા મુરતિયાઓ વિરોધના સમયે ક્યા દરમાં ભરાઈ ગયા ?

વડોદરા જિલ્લા ભાજપના વિરોધ પ્રદર્શનમાં કાર્યકરોની પાંખી હાજરીને પગલે સૂરસુરીયુ

(પ્રતિનિધિ), વડોદરા. તા.8

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે દ્વારા ગુજરાતીઓ વિશે કરવામાં આવેલી વિવાદિત ટિપ્પણીનો મુદ્દો આખા દેશમાં ગાજી રહ્યો છે, પરંતુ વડોદરા જિલ્લામાં ભાજપ દ્વારા આ મુદ્દે કરાયેલું પ્રદર્શન 'ફિયાસ્કો' સાબિત થયું છે. ગુજરાતીઓની અસ્મિતા માટે લડી લેવાની વાતો કરતું જિલ્લા ભાજપનું સંગઠન મેદાનમાં સો કાર્યકરો પણ ભેગા ન કરી શકતા પક્ષની ભારે ફજેતી થઈ છે. નેતાઓની ગાડીઓનો કાફલો તો પહોંચ્યો, પણ નારા લગાવવા માટે કાર્યકરોની ગેરહાજરીએ સંગઠનના પાયા હચમચાવી દીધા છે. ખુરશીઓ ખાલી, નેતાઓ લાચાર, શું આ જ છે શિસ્તબદ્ધ પાર્ટી ? સૌથી વધુ ચર્ચા એ બાબતની છે કે થોડા સમય પહેલા જ્યારે સંગઠનમાં હોદ્દાઓ કે આગામી ચૂંટણીની દાવેદારી નોંધાવવાની હતી, ત્યારે આ જ ભાજપ કાર્યાલય હજારો સમર્થકોથી ઉભરાતું હતું. પદ મેળવવા માટે હજારોની ભીડ જમા કરનારા કહેવાતા 'નેતાઓ' પક્ષના વિરોધ પ્રદર્શનના સમયે જાણે ભૂગર્ભમાં ઉતરી ગયા હતા. શું કાર્યકરો હવે માત્ર વ્યક્તિગત સ્વાર્થ ખાતર જ જોડાયેલા છે ? વિચારધારા માટે લડનારા પાયાના કાર્યકરોને હાંસિયામાં

ધકેલી દેવાયા હોવાનું પરિણામ આ ફિયાસ્કો હોઈ શકે છે. આ ઘટનાએ જિલ્લા ભાજપ પ્રમુખ અને તેમની ટીમની કાર્યશૈલી સામે પણ સવાલો ઉભા કર્યા છે. જ્યારે પ્રદેશ કક્ષાએથી આક્રમક વિરોધના આદેશો હોય, ત્યારે સ્થાનિક સંગઠન કાર્યકરોને મેદાનમાં ઉતારવામાં નિષ્ફળ કેમ ગયું ? પેજ સમિતિ અને શક્તિ કેન્દ્રોના દાવાઓ વચ્ચે વાસ્તવિકતામાં કાર્યકરો સાથે કોઈ જીવંત સંપર્ક જ રહ્યો નથી. શું આંતરિક ખેંચતાણને કારણે એક જૂથે બીજા જૂથના કાર્યક્રમને નિષ્ફળ બનાવવાનું કાવતરું રચ્યું છે ? ભાજપનું નામ જ કાફી છે એવા અહંકારમાં રાચતા નેતાઓને કાર્યકરોએ જ ઘરભેગા કરી દીધા હોય તેવું જણાય છે.

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે રેલવે ટ્રેક પર સૌથી ભારે પોર્ટલ બીમનું લોન્ચિંગ પૂર્ણ

1360 મેટ્રિક ટન વજન ધરાવતા સૌથી ભારે પ્રિકાસ્ટ-પ્રીસ્ટ્રેસ્ડ પોર્ટલ બીમ ગર્ડરનું લોન્ચિંગ

(પ્રતિનિધિ) વડોદરા,તા.8

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે મણિનગર ખાતે અમદાવાદ-વડોદરા રેલ્વે લાઇન પર આશરે 1360 મેટ્રિક ટન વજન ધરાવતા સૌથી ભારે પ્રિકાસ્ટ-પ્રીસ્ટ્રેસ્ડ પોર્ટલ બીમ ગર્ડરનું લોન્ચિંગ પૂર્ણ થયું છે. આ પોર્ટલ બીમ એક પ્રિકાસ્ટ કોંક્રિટ માળખું છે, જેની લંબાઈ 34 મીટર છે અને તેનો ક્રોસ-સેક્શન 5.5 મીટર x 4.5 મીટર છે. મણિનગર રેલ્વે સ્ટેશન નજીક આવા કુલ પાંચ બીમ સ્થાપિત કરવાની યોજના છે. આ બીમ પ્રિકાસ્ટ સ્વરૂપમાં સ્થળ પર બનાવવામાં આવી રહ્યા છે અને સંકલિત ભારે એકમો તરીકે સ્થાપિત કરવામાં આવી રહ્યા છે.

ઝીણવટભર્યા આયોજન અને ઑપ્ટિમાઇઝેશન દ્વારા, અમદાવાદ-વડોદરા વિભાગની બંને લાઇન માટે આ સમય ઘટાડીને માત્ર 3.5 કલાક કરવામાં આવ્યો. લિફ્ટિંગ કામગીરી 2200 મેટ્રિક ટન ક્રાઉલર ક્રેનનો ઉપયોગ કરીને હાથ ધરવામાં આવી હતી, જેમાં 260 ટનની સ્ટેન્ડબાય ક્રેન, 80 ટનની ક્રેન, મેન લિફ્ટર અને એન્કરિંગ ફ્રેમ્સ સાથે લિફ્ટર બીમ સિસ્ટમ જેવા સહાયક ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. લિફ્ટિંગ સિસ્ટમમાં આ વિશાળ ભારને સુરક્ષિત રીતે હેન્ડલ કરવા માટે 75 મીમી વ્યાસના પ્રીસ્ટ્રેસ્ડ મેકએલોય બાર, લિફ્ટિંગ બીમ અને હેવી-ડ્યુટી સ્લિંગનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

આ કામગીરીમાં અસંખ્ય એન્જિનિયરિંગ પડકારો રજૂ થયા, જેમાં આશરે 1360 મેટ્રિક ટનની અલ્ટ્રા-હેવી લિફ્ટ - ભારતીય રેલ્વે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર અત્યાર સુધીની સૌથી ભારે લિફ્ટમાંની એક - ને હેન્ડલ કરવાનો સમાવેશ થાય છે - તેમજ મર્યાદિત સમયમર્યાદામાં સમગ્ર કાર્ય પૂર્ણ કરવાની જરૂરિયાતનો સમાવેશ થાય છે. વધુમાં, મર્યાદિત કાર્યસ્થળ, ઓવરહેડ સાધનો અને બહુવિધ સક્રિય રેલ્વે લાઇનોએ જટિલતાઓમાં વધારો કર્યો હતો. આ પરિસ્થિતિઓમાં આશરે 15 મીટરની ઊંચાઈએ ચોક્કસ ઇન્સ્ટોલેશન સુનિશ્ચિત કરવા માટે ઉચ્ચ ડિગ્રી ચોકસાઈની જરૂર હતી. આ માટે રેલવે અધિકારીઓ સાથે રીઅલ-ટાઇમ સંકલન, બેકઅપ લિફ્ટિંગ સિસ્ટમની જમાવટ, સખત રિગિંગ નિરીક્ષણ, બીમના મોટા ખુલ્લા સપાટી વિસ્તારને કારણે પવનની ગતિનું સતત નિરીક્ષણ અને સલામત અને સચોટ ઇન્સ્ટોલેશન સુનિશ્ચિત કરવા માટે ચોક્કસ સર્વેક્ષણ અને ગોઠવણી નિયંત્રણની જરૂર હતી.

ગોત્રી હોસ્પિટલની સેવામાં આધુનિક ઉડાન,

હવે નસો અને સ્નાયુઓના જટિલ રોગોનું નિદાન થશે સાવ મફત

લાખોના મશીનથી હવે ગરીબોની સારવાર થશે તદ્દન નિઃશુલ્ક

(પ્રતિનિધિ) વડોદરા. તા.8

વડોદરાની જી.એમ.ઈ.આર.એસ. (GMERS) ગોત્રી હોસ્પિટલ છેલ્લા કેટલાક સમયથી અત્યાધુનિક સુવિધાઓનું કેન્દ્ર બની રહી છે. આ કડીમાં વધુ એક સોનેરી પીંછું ઉમેરાયું છે. મગજ, નસો અને સ્નાયુની જટિલ બીમારીઓથી પીડાતા દર્દીઓ માટે હવે ખાનગી હોસ્પિટલોના ધક્કા ખાવાની કે હજારો રૂપિયા ખર્ચવાની જરૂર રહેશે નહીં. ગોત્રી હોસ્પિટલ ખાતે અત્યાધુનિક NCV (Nerve Conduction Velocity) અને EMG (Electromyography) મશીન વસાવવામાં આવ્યું છે, જેનાથી ગંભીર રોગોનું નિદાન હવે નિઃશુલ્ક કરાશે.

ઘણીવાર દર્દીઓને હાથ-પગમાં સતત ઝણઝણાટી થતી હોય, હાથ-પગ શૂન્ય પડી જતા હોય કે સ્નાયુઓ નબળા પડી જવાથી ચાલવામાં તકલીફ પડતી હોય છે. આવા કિસ્સામાં ડોક્ટરો નસોની તપાસ માટે NCV અને સ્નાયુની તપાસ માટે EMG ટેસ્ટ લખતા હોય છે. આ ટેસ્ટ દ્વારા શરીરમાં નસોમાં વહેતો ઈલેક્ટ્રિકલ કરંટ કેટલી ઝડપે પસાર થાય છે તે માપવામાં આવે છે. જો નસમાં ક્યાંય બ્લોકેજ કે સોજો હોય તો આ ટેસ્ટથી તરત પકડાઈ જાય છે. આ ટેસ્ટ સ્નાયુઓના સ્વાસ્થ્ય અને તેને નિયંત્રિત કરતી નસોની તપાસ કરે છે. લકવા જેવી સ્થિતિમાં સ્નાયુ જીવંત છે કે નહીં તે જાણવા આ ટેસ્ટ અનિવાર્ય છે.

ખાનગી લેબોરેટરીઓમાં NCV અને EMG ટેસ્ટ માટે રૂ. 2,500 થી રૂ. 8,000 સુધીનો ચાર્જ વસૂલવામાં આવે છે. ઘણીવાર ગરીબ દર્દીઓ આ ખર્ચને કારણે ટેસ્ટ કરાવી શકતા નથી અને રોગ વધતો જાય છે. ગોત્રી હોસ્પિટલમાં આ મશીન આવતા હવે, આયુષ્માન કાર્ડ ધારકો અને જરૂરિયાતમંદોને આ સેવા વિનામૂલ્યે મળશે. અંદાજ પર સારવાર કરવાને બદલે હવે રિપોર્ટના આધારે સચોટ દવાઓ આપી શકાશે. હોસ્પિટલના અનુભવી ન્યુરો-ફિઝિશિયન અને ફિઝિયોથેરાપી વિભાગના સહયોગથી આ ટેસ્ટિંગ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ આધુનિક મશીનરી ડાયાબિટીસના કારણે પગની નસો નબળી પડી જવી. કમરથી પગ સુધી ઉતરતો અસહ્ય દુખાવો. કાંડાની નસ દબાવાને કારણે હાથમાં આવતી બહેરાશ. અચાનક સ્નાયુઓ કામ કરતા બંધ થઈ જવા. ગરદન કે કમરના મણકા દબાવાને કારણે હાથ-પગમાં આવતી નબળાઈ જેવી બીમારીઓમાં આશીર્વાદરૂપ સાબિત થશે.

સોશિયલ મીડિયા પર અપમાનજનક કોમેન્ટ્સથી મહિલા પરેશાન

બાજવાના યુવકે મહિલાના ફોટા પર રૂા.1000થી 5000ની "કિંમત" લખી

(પ્રતિનિધિ), વડોદરા. તા.8

વડોદરા શહેરના બાજવા વિસ્તારમાં રહેતી 23 વર્ષીય મહિલાએ સોશિયલ મીડિયા આઇડી પર સંબંધીઓ સાથેના ફોટા અપલોડ કર્યા હતા. પરંતુ એક શખ્સે આ ફોટાની સામે બીભત્સ કોમેન્ટ્સ લખી હતી. જેથી મહિલાએ અપમાનજનક મેસેજ અને કોમેન્ટ્સને લઈને જવાહરનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. વડોદરા શહેરના બાજવા વિસ્તારમાં રહેતી મહિલા ખાનગી કંપનીમાં નોકરી કરે છે અને પોતાના મોબાઈલમાં સોશિયલ મીડિયા આઈડી નો ઉપયોગ કરે છે.

થોડા દિવસ પહેલા "mahesh^sam^event^baroda" નામના એકાઉન્ટ પરથી તેને ફ્રેન્ડ રિક્વેસ્ટ આવી હતી. જેને મહિલાએ અવગણેલી હતી. 6 એપ્રિલે મહિલાએ પોતાના પરિવાર સાથેના ફોટાઓની સ્ટોરી તેમના આઈડી પર મૂકી હતી. આ સ્ટોરી જોતા જ આરોપી એકાઉન્ટ ધારકે ફોટાઓ પર 1000 થી 5000 રૂપિયા સુધીની રકમ લખીને અશ્લીલ હરકત સાથેના મેસેજ કર્યા હતા.

યુવતીએ આ અંગે પૂછપરછ કરી છતાં કોઈ સ્પષ્ટ જવાબ ન મળ્યો હતો અને તેના બદલે વધુને વધુ અભદ્ર કોમેન્ટ્સનો મારો આ શખસ દ્વારા કરવામાં આવી રહ્યો હતો. આ સમગ્ર ઘટનાના પગલે મહિલા માનસિક તણાવ અનુભવી રહી હતી અંતે કંટાળીને તેણે પોતાના પરિવારજનોને જાણ કરી હતી. તપાસ દરમિયાન આરોપીની ઓળખ બાજવા ગામના મહેશ ભરત પરમાર તરીકે થઈ હોવાનું જાણવા મળ્યું છે. સમગ્ર ઘટનામાં શહેરની જવાહરનગર પોલીસે મહિલાની ફરિયાદના આધારે ભરત મહેશ પરમાર સામે ગુનો નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

આરોપીઓને કાન પકડાવી ઉઠક બેઠક કરાવીને કાયદાના પાઠ ભણાવાયા

આજવા રોડના એકતાનગરમાં લગ્નમાં ધિંગાણું મચાવનાર 11 તોફાનીઓ ઝબ્બે

(પ્રતિનિધિ), વડોદરા. તા.8

વડોદરા શહેરના આજવા રોડ પર આવેલા એકતાનગર વિસ્તારમાં લગ્ન પ્રસંગ દરમિયાન પાણી ઢોળવા જેવી સામાન્ય બાબતે બે જૂથ વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ મારામારી થઈ હતી. ઘટનામાં બંને પક્ષના લોકો વચ્ચે હથિયારો તથા પથ્થરોથી સામસામે હુમલો કરવા લાગ્યા હતાં જેના કારણે પરિસ્થિતિ તંગ બની હતી. બાપોદ પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને 11 આરોપીઓની ગણતરીના કલાકોમાં જ ધરપકડ કરીને ઉઠક બેઠક કરાવીને કાયદાના પાઠ ભણાવ્યા હતા. આજવા રોડ પરના એકતાનગરમાં લગ્ન પ્રસંગ દરમિયાન પાણી ઢોળવા જેવી સામાન્ય બાબતે બે પક્ષો વચ્ચે બોલાચાલી શરૂ થઈ હતી. જોતા જોતા વિવાદ ઉગ્ર બન્યો અને બંને પક્ષના

લોકો સામસામે આવી હથિયારો અને પથ્થરોથી હુમલો કરવામાં આવ્યો હતો. બાપોદ પોલીસ સ્ટેશનમાં બંને પક્ષોની ફરિયાદના આધારે 14 લોકો સામે રાયોટીંગ સહિતના ગુનાઓ નોંધવામાં આવ્યા હતા. બાપોદ પોલીસ સ્ટેશનના પીઆઈની ટીમે ઝડપી કામગીરી હાથ ધરી હતી. સીસીટીવી ફૂટેજ, સ્થાનિક લોકોનાં નિવેદનના આધારે 14માંથી 11 આરોપીઓને ગણતરીના કલાકોમાં જ ઝડપી પાડવામાં આવ્યા હતા. આરોપીઓમાં ફિરોઝ ઉર્ફે હુક્કા મન્સુરી, ઈમરાન ઉર્ફે ઈલો મન્સુરી, સાહિલ મન્સુરી, સમીર ઉર્ફે કાકા પઠાણ જુબેર મન્સુરી, સલીમુદ્દીન શેખ, તમીજુદ્દીન શેખ બશીરભાઈ મલેક અને ફારુક ઉર્ફે બબલુ પઠાણ સહિતના શખ્સોનો સમાવેશ થાય છે. પોલીસ દ્વારા આરોપીઓને કાન પકડાવી બેઠક કરાવીને કાયદાનો પાઠ પણ ભણાવવામાં આવ્યો હતો.

સમામાં મોડીરાત્રે ત્રાટકેલી બાઈક સવાર ત્રિપુટી કેમેરામાં કેદ

પરિવારના સભ્યો ઊંઘતા રહ્યા અને રૂ.1.76 લાખ મતાની ચોરી

(પ્રતિનિધિ), વડોદરા. તા.8

વડોદરા શહેરના સમા વિસ્તારમાં રહેતા રાજેશકુમાર ડાયાભાઈ પરમારે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ પોતાના પરિવાર સાથે ન્યુ સમા રોડ ખાતે જય યોગેશ્વર સોસાયટી જલારામ મંદિર પાસે રહે છે અને ટેલીપરફોર્મન્સ પ્રા. લી. માં નોકરી કરે છે. ગત 7 એપ્રિલની રાત્રે તેઓ નોકરી પરથી ઘરે પરત આવ્યા બાદ પરિવારજનો સાથે સુઈ ગયા હતા. તેમના પિતા ડાયાભાઈ પરમાર અને પુત્ર વિહાન બીજા માળે તથા પત્ની રૂપાલી ત્રીજા માળે સુતા હતા. વહેલી સવારે આશરે 6 વાગ્યાના સુમારે પિતા અને પુત્ર નીચે ગ્રાઉન્ડ ફ્લોર પર આવ્યા ત્યારે ઘરનો મુખ્ય દરવાજો તૂટેલી હાલતમાં જોવા મળતાં ચોરી થયાનો અંદાજ આવ્યો હતો.

ઘરમાં સામાન વેરવિખેર હાલતમાં પડેલો જોવા મળ્યો હતો. લોખંડની તિજોરીનો દરવાજો ખુલ્લો હતો અને તેમાં રહેલો સામાન પણ ઉથલપાથલ હાલતમાં હતો. ત્યારબાદ પરિવારજનોને જાણ કરતાં તમામે મળી તપાસ કરતા તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રૂપિયા ગાયબ હોવાનું જાણવા મળ્યું. તસ્કરો સોનાની ગેઈન, કાન-નાકની ચુન્ની, પેન્ડલ, વીંટી, બુટ્ટી તેમજ ચાંદીની પાયલ ઉપરાંત અંદાજે રૂ. 1 લાખથી વધુ રોકડ રકમ સહિત 1.76 લાખની મત્તાની ચોરી થઈ હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

મોડી રાત્રિના સમયે બાઈક પર શંકાસ્પદ ત્રણ શખ્સો સોસાયટીમાં આવ્યા હતા અને 10 મિનિટમાં પરત નીકળી ગયા હોય કેમેરામાં કેદ થયા હતા. ત્યારે આ શંકાસ્પદ ત્રિપુટીને સમા પોલીસે ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

અટલબ્રિજ પર નમતી સાંજે અચાનક ટ્રાફિક જામ

■ શરૂઆતથી વિવાદનો પર્યાય બનેલા શહેરના અટલબ્રિજ પર બુધવારે નમતી સાંજે અચાનક ટ્રાફિક જામ થતા સંખ્યાબંધ વાહનચાલકો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. ઓપી રોડ તરફથી આવતા વાહનો સામે કેટલાક રોંગ સાઈડ પર વાહનો આવી જતા થોડી વાર માટે ભારે ટ્રાફિક જામ થઈ ગયો હતો. જેના કારણે કેટલાક ચાલકો વચ્ચે શાબ્દિક ઘર્ષણ પણ થયું હતું. જોકે ટ્રાફિક પોલીસે સ્થળ પર આવી પહોંચી વાહન વ્યવહાર હળવો કર્યો હતો.

પતિ પત્ની દુકાન બંધ કરીને ફરાર થઈ ગયા

નિઝામપુરાના દંપતીને વેપારીએ રૂ.14.80 લાખનો ચૂનો ચોપડયો

(પ્રતિનિધિ), વડોદરા. તા.8

વડોદરા શહેરના નિઝામપુરા વિસ્તારમાં રહેતા એક વેપારી સાથે પરિચિત દંપતી દ્વારા રૂ.14.80 લાખની છેતરપિંડી કરવામાં આવી છે. સ્ટેશનરીના ધંધામાં રોકાણ કરાવવાના બહાને દંપતીએ મોટી રકમ મેળવી બાદમાં દુકાન બંધ કરી ફરાર થઈ ગયું હતું.

નિઝામપુરાના પરિમલ પાર્ક સોસાયટીમાં રહેતા ભૌમિકકુમાર વસંતકુમાર શાહ દાંડિયાબજાર વિસ્તારમાં "ભાવના લાઈટ્સ" નામે લાઈટિંગનો વ્યવસાય કરે છે. તેઓની ઓળખાણ કેયુરભાઈ અશ્વીનભાઈ શેઠ અને તેમની પત્ની સાથે જૈન સમાજના ધાર્મિક કાર્યક્રમો દરમિયાન થઈ હતી, જે બાદ બંને વચ્ચે નજીકનો પરિચય બંધાયો હતો. આ ઓળખાણનો લાભ લઈને દંપતીએ સ્ટેશનરી તથા મોબાઈલ એસેસરીઝના વ્યવસાયમાં વધુ નફો થવાની લાલચ આપી રોકાણ કરવા સમજાવ્યા હતા. વિશ્વાસમાં આવીને વેપારી અને તેમના પરિવારજનો દ્વારા જાન્યુઆરીથી માર્ચ 2026 દરમિયાન વિવિધ બેંક ખાતાઓ મારફતે કુલ રૂ.14.80 લાખની રકમ દંપતીને અપાઈ હતી. 5 માર્ચ 2026 સુધીમાં રકમ આપ્યા બાદ બીજા જ દિવસે દંપતીએ પોતાની દુકાન બંધ કરી દીધી હતી અને રહેઠાણ પરથી પણ ગાયબ થઈ ગયું હતું. શરૂઆતમાં તેઓ બહારગામ ગયા હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી હતી, પરંતુ લાંબા સમય સુધી કોઈ સંપર્ક ન થતા તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે આ દંપતી અન્ય લોકો પાસેથી પણ રોકાણના નામે રકમ લઈ ફરાર થઈ ગયું છે. જેથી ભૌમિકકુમાર શાહે કેયુર શેઠ અને તેમની પત્ની વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

માથાભારે અસલમ બોડિયાની રેગ્યુલર જામીન અરજી રદ

વડોદરા : માથાભારે અસલમ બોડીયાની રેગ્યુલર જામીન અરજી કોર્ટ દ્વારા ના મંજૂર કરી દેવામાં આવી છે. વડોદરા શહેરમાં આતંક મચાવનાર બિચ્છુ ગેંગના મુખ્ય સાગરીત અસલમ હૈદરમિયા શેખ ઉર્ફે અસલમ બોડીયાની સામે નોંધાયેલા ગુજસીટોકના ગુનામાં અગાઉ તેની ધરપકડ કરીને જેલમાં મોકલી દેવામાં આવ્યો હતો. હાલ અસલમ બોડીયા જેલમાં સજા ભોગવી રહ્યો છે. દરમિયાન તેણે પોતાના વકીલ મારફતે નિયમિત જામીન મેળવવા માટે કોર્ટમાં અરજી દાખલ કરી હતી. આ અરજી પર સુનાવણી દરમિયાન પ્રોસિક્યુશન તરફથી આરોપીના ગુનાની ગંભીરતા, તેના ગુનાહિત ભૂતકાળ અને સમાજ માટેના ખતરા અંગે દલીલો કરવામાં આવી હતી. તમામ પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને સ્પેશિયલ જજ ગુજસીટોક તથા સેશન્સ જજે આરોપીની જામીન અરજી નામંજૂર કરી હતી.

વિસ્તારોમાં પરિવહન સરળતાથી થઈ શકશે

વડોદરાના માર્ગો પર લાગશે 200 નવા ડિજિટલ ફ્રેન્ડલી માર્ગદર્શક બોર્ડ્સ

વડોદરા શહેરને વધુ 'સ્માર્ટ' અને 'સુલભ' બનાવતી કોર્પોરેશનની નવી પહેલ

(પ્રતિનિધિ) વડોદરા. તા.8

વડોદરા શહેરના રસ્તાઓ પર હવે મુસાફરી કરવી વધુ સરળ અને સુગમ બનશે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના નાગરિકો અને ખાસ કરીને બહારથી આવતા પ્રવાસીઓની સુવિધા માટે એક વિશેષ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. ઘણીવાર વાહન ચલાવતી વખતે ગૂગલ મેપ જેવા ડિજિટલ સાધનો પર નિર્ભર રહેવું જોખમી સાબિત થઈ શકે છે, આ બાબતને ધ્યાનમાં રાખીને કોર્પોરેશને શહેરના મુખ્ય માર્ગો પર ભૌતિક માર્ગદર્શક બોર્ડ્સ લગાવવાનો નિર્ણય કર્યો છે.

પાલિકા દ્વારા શહેરના વ્યસ્ત વિસ્તારો અને મહત્વના પોઈન્ટ્સ પર કુલ 200 જેટલા સ્પષ્ટ માર્ગદર્શક બોર્ડ્સ લગાવવાનું લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું છે. આ બોર્ડ્સ માત્ર રસ્તાની દિશા જ નહીં, પરંતુ શહેરના મુખ્ય અને વ્યસ્ત માર્ગો, સરકારી અને ખાનગી હોસ્પિટલો, શૈક્ષણિક સંસ્થાઓ અને યુનિવર્સિટીઓ, વડોદરાની શાન સમાન પ્રવાસન અને ઐતિહાસિક સ્થળો તરફ દોરી જશે.

મહાનગરપાલિકાની ટ્રાફિક પ્રોજેક્ટ શાખા દ્વારા અત્યંત ઝડપથી કામગીરી હાથ ધરવામાં આવી છે, જે અંતર્ગત અત્યાર સુધીમાં 100 જેટલા બોર્ડ્સ સ્થાપિત કરી દેવામાં આવ્યા છે. આ બોર્ડ્સમાં અક્ષરોની સાઈઝ અને રંગોની પસંદગી એવી રીતે કરવામાં આવી છે કે જેથી વાહન ચાલકો દૂરથી પણ સ્થળનું નામ અને દિશા સ્પષ્ટપણે વાંચી શકે.

આ પહેલનો સૌથી મોટો લાભ એવા વર્ગને થશે જેઓ ટેકનોલોજીથી ઓછા પરિચિત છે. જેમને ડિજિટલ સાધનો વાપરવામાં મુશ્કેલી પડે છે તેમના માટે આ બોર્ડ્સ આશીર્વાદરૂપ બનશે. અન્ય શહેરો કે રાજ્યોમાંથી આવતા સહેલાણીઓને વારંવાર રસ્તા પૂછવાની જરૂર નહીં પડે. રસ્તા શોધવામાં થતી ગૂંચવણને કારણે સર્જાતા ટ્રાફિક જામ અને અકસ્માતોમાં પણ ઘટાડો થશે.

લોકોની હાજરીને કારણે અઘટિત ઘટના બનતા રહી ગઈ

અટલાદરામાં મહિલા સફાઈ સેવક પર હુમલાનો પ્રયાસ થતા ચકચાર

(પ્રતિનિધિ), વડોદરા. તા.8

વડોદરાના અટલાદરા વિસ્તારમાં ફરજ બજાવતા કોર્પોરેશનના એક મહિલા સફાઈ કર્મચારી પર સ્થાનિક રહીશ દ્વારા હુમલાનો પ્રયાસ કરવામાં આવતા ભારે હોબાળો મચી ગયો છે. સામાન્ય બોલાચાલીમાં ઉશ્કેરાયેલા રહીશે હાથમાં દંડો લઈને મહિલા કર્મચારીને ડરાવવાનો પ્રયાસ કરતા મામલો ગરમાયો હતો. આ ઘટના બાદ સફાઈ કર્મચારીઓ એકઠા થઈ ગયા હતા અને સમગ્ર મામલો અટલાદરા પોલીસ મથકે પહોંચ્યો છે. મળતી માહિતી મુજબ, વડોદરા મહાનગરપાલિકાના સફાઈ કર્મચારીઓ હંમેશની જેમ અટલાદરા રોડ પર આવેલી એક સોસાયટીના વિસ્તારમાં સફાઈ કામગીરી અને કચરો એકત્રિત કરવાની ફરજ બજાવી રહ્યા હતા. આ દરમિયાન કોઈ કારણસર એક સ્થાનિક રહીશ અને મહિલા સફાઈ કર્મચારી વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. વાત એટલી હદે વણસી ગઈ હતી કે, ઉશ્કેરાયેલા રહીશે કાયદાનો ડર રાખ્યા વિના હાથમાં દંડો (લાકડી) ઉઠાવી લીધો હતો અને જાહેરમાં મહિલા કર્મચારી પર હુમલો કરવાના ઈરાદે ધસી આવ્યો હતો. સદનસીબે અન્ય લોકોની હાજરીને કારણે કોઈ અઘટિત ઘટના બનતા રહી ગઈ હતી. પરંતુ આ ઘટનાને પગલે મહિલા કર્મચારી ગભરાઈ ગઈ હતી. ફરજ પર રહેલા સરકારી કર્મચારી સાથે થયેલા આ ગેરવર્તણૂકને પગલે સફાઈ કામદારોમાં રોષ જોવા મળી રહ્યો છે. ઘટનાની જાણ થતા જ અન્ય કર્મચારીઓ પણ સમર્થનમાં આવ્યા હતા અને પીડિત મહિલા કર્મચારી સાથે અટલાદરા પોલીસ સ્ટેશન પહોંચી રજૂઆત કરી હતી. અટલાદરા પોલીસે ફરિયાદના આધારે તપાસ શરૂ કરી છે. ફરજ પરના કર્મચારીને ડરાવવા અને હુમલાનો પ્રયાસ કરવા બદલ કાયદેસરની કાર્યવાહીની તજવીજ હાથ ધરાઈ છે.